
# સૌરાષ્ટ્રની રસધાર

ભાગ 1

ઝવેરચંદ મેઘાણી



*Saurastrani Rasdhār (Part-I)*
*tales of folklore of Saurastra by Jhaverchand Meghāṇi*
*Amadavad : Gurjar Grantharatna Karyalay*
*Ed. 6 : 1980, reprinted 2003*

**સૌરાષ્ટ્રની રસધાર (ભાગ 1)**
**ઝવેરચંદ મેઘાણી**

**: આવૃત્તિઓ :**
પહેલી 1923, બીજી 1930, ત્રીજી 1935, ચોથી 1942, પાંચમી 1944
પુનર્મુદ્રણ 1947, 1951, 1955, 1958, 1962, 1966, 1970, 1973
સુવર્ણજયંતી (છઠ્ઠી) આવૃત્તિ 1980.
પુનર્મુદ્રણ 1982, 1983, 1991, 1994, 2003

પાનાં: 12 + 176 = 188

**કિંમત : રૂ. 65**

**: પ્રકાશક :**
અમર ઠાકોરલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ
અમદાવાદ 380 001

**: કમ્પ્યૂટર અક્ષરાંકન :**
અપૂર્વ આશર, ઇમેજ સિસ્ટમ્સ
10 બીરવા રો હાઉસિસ, બોપલ, અમદાવાદ 380 058
ફોન: 373 5590. ઇ-મેલ: apu@vsnl.com

**: મુદ્રક :**
ભગવતી ઑફસેટ
15/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ 380 004

## ક્રમ


| | |
|---|---|
| નિવેદન | [3] |
| નવે અવતારે | [8] |
| રંગ છે રવાભાઈને ! | 3 |
| જટો હલકારો | 10 |
| વલીમામદ આરબ | 15 |
| ગરાસણી | 23 |
| આહીરની ઉદારતા | 28 |
| ભાઈબંધી | 41 |
| ઘેલોશા | 52 |
| ભેંસોનાં દૂધ! | 72 |
| ભોળો કાત્યાળ | 80 |
| આહીર યુગલના કોલ | 87 |
| આનું નામ તે ધણી | 93 |
| દેપાળદે | 97 |
| સેજકજી | 103 |
| રાણજી ગોહિલ | 114 |
| મોખડોજી | 118 |
| બોળો | 125 |
| ભીમોરાની લડાઈ | 130 |
| ઓઢો ખુમાણ | 139 |
| વાળાની હરણપૂજા | 143 |
| ચાંપરાજ વાળો | 148 |
| આઈ કામબાઈ | 157 |
| કટારીનું કીર્તન | 162 |
| સાંઈ નેહડી | 166 |
| શૂરવીરની પહેલી મિલન-રાત | 173 |

# રંગ છે રવાભાઈને !

ધરતીનાં અમી અને માણસાઈનાં પાણી હજુ શોષાઈ નહોતાં ગયાં તે સમયની આ વાત છે. સંવત ઓગણીસસો અને સોળનો ચૈત્ર મહિનો સોરઠ ઉપર ફૂલડે વરસતો હતો. ભાવનગર પંથકના ગોહિલવાડની રસાળી ભોમ આકરા તાપના દિવસોમાં પણ ઉનાળુ જુવાર અને રજકાની લીલી ઓઢણીમાં શીળપની લહેર માણતી હતી. કણબીની નાનકડી દીકરીઓ ગાજર, મૂળા કે મગની કૂણી શીંગો ખાતી ખાતી વાડીના ક્યારા વાળતી અને મદઝરતે સાદે ગાતી હતી —

*કિયા ભાઈના કૂવા કરે કીચુડિયા રે*
*કિયા ભાઈની વાડિયું લેરે જાય*
*આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે!*

રામનવમીનો રૂડો દિવસ છે. લીલી સીમમાં માનવીનો બોલાશ નથી. ખેડૂતોએ અગતો પાળીને ધોરીને પૉરો દીધો છે, અને પોતે સહુ ઉપવાસ રહીને ગામના ઠાકરદ્વારમાં રામજન્મનો ઉત્સવ કરે છે. આખી સીમ સૂની પડી છે.

એવા મોટા તહેવારને દિવસે પ્રભાતને પહોરે એક ફૂટતી મૂછોવાળો ઘોડેસવાર વરતેજ અને ચિત્રા ગામ વચ્ચે પંથ કાપતો ને રાંગમાં ફૂલમાળ ઘોડી રમાડતો ચાલ્યો જાય છે. ટોયાની બીક વિનાના મોરલા લીલા મોલમાં પોતાની જાંબલી ડોકની ભાત્ય પાડતા ચણે છે. વરતેજનાં આંબાવાડિયાંની સાખો ચાખતી કોયલો ડાળે ડાળે હીંચકે છે. આવું સોનેમઢ્યું સવાર, આવાં ગહેકતાં આંબેરણ, ઊંચા ઘાટા ચાસટિયામાંથી ગળાઈને આવતો મીઠો પવન, અને દેવપંખીના ટૌકાર: પણ ચૈત્ર મહિનાની આ છલકાતી શોભામાં ઘોડેસવારનું મન નથી.

"હાંક્યે રાખો, ભાઈ! હાંકો ઝટ, બાપા! જોજો હો, ક્યાંક રામનોમ રસ્તામાં નો કરવી પડે!" પોતાની સાથે ખોરડાં બાંધવાના કાટનાં બે ગાડાં હતાં, તેના હાંકનારને રજપૂત આમ ટોકતો આવે છે. ગાડાં કડકડતાં ભર્યાં છે. એક ગાડું મૂળુ પરમાર નામનો રજપૂત હાંકે છે અને બીજે ગાડે જગો મકવાણો નામનો કોળી બેઠો છે.

વરતેજ અને ચિત્રા વચ્ચેના કાળિયા આંબાની નજીક આવે છે ત્યાં રજપૂતે જોયું કે પચીસ-ત્રીસ ઉતારુ ભરીને બીજાં ત્રણ-ચાર ગાડાં ચાલ્યાં જાય છે. સ્ત્રી-પુરુષોનો આવડો મોટો સંઘ જાતો જોઈને અસવારે ઘોડીની લગામ જરા ઢીલી મૂકીને ચાલ્ય વધારી. પલકવારમાં તો આંબી પણ ગયો.

આઘેથી એણે સંઘને ઓળખ્યો. લાગ્યું કે આ તો આપણા ગામના ગોરધન શેઠ; અને ઓલ્યા રહ્યા એ તો દડવાના ચાંપશી શેઠ.

ત્યાં તો સંઘમાંથી પણ સામો અવાજ આવ્યો: "ઓહોહોહો! આ તો આપણા રવાભાઈ: આ તો બાપુ! આવો! તમે ક્યાંથી? જે સ્વામીનારાયણ!"

"જે સ્વામીનારાયણ, ગોરધન શેઠ! ચાંપશી શેઠ, જે સ્વામીનારાયણ!" રવાભાઈએ જવાબ વાળ્યો: "આપણા ઓરડા ચણાય છે તે એના સારુ કાટ લેવા હું ભાવનગર ગયો'તો."

"ઠીક થયું, ઠીક." બે-ત્રણ શેઠિયા બોલ્યા: "અમે સૌ ભાવનગર કારજ ઉપર ગયા'તા ત્યાંથી આજ ઘેર જઈએ છીએ. સાથે પાંચ-સાત હજારનું જોખમ છે. સારું થયું કે તમારો ઘર સુધીનો સંગાથ થયો."

"હા, ભલે! જો એમ જ હોય તો આપણે સૌ સાથે ચાલશું; પરંતુ મારે હવે હોશિયારી રાખવી પડશે." એમ કહી રવાભાઈએ પોતાના કાટનાં ગાડાં આગળ કર્યાં, વચમાં વાણિયાનાં ગાડાં રાખ્યાં અને પોતે ઘોડેસવાર થઈ પાછળ ચાલ્યા.

નદીનો લાંબો પટ વટાવીને સામે કાંઠે ચડ્યા ત્યારે ચકોર રવાભાઈએ જોયું કે કાળિયે આંબેથી બે હથિયારબંધ સિંધી લોકો પાછળ પાછળ ચાલ્યા આવે છે. એને જોઈને રવાભાઈએ પૂછ્યું: "કાં ભાઈઓ! તમે ક્યાં જાવ છો?"

સિંધીઓ બોલ્યાઃ "આ સરહદનો અમારો જુંબો છે. કોઈ વટેમાર્ગુ સાથે જરજોખમ હોય તો અમારે તેમની રક્ષા માટે સાથે ચાલવું એવો દરબારી હુકમ છે."

આવો જવાબ મળ્યા છતાં રવાભાઈને શંકા તો રહી ગઈ. એણે કહ્યું: "તેમ હોય તો ભલે; પણ અમને તમારી જરૂર નથી. કારણ હું રાજપૂત-ગરાસિયો છું અને સાથે છું, માટે તમે તમારે ખુશીથી પાછા વળો."

પણ વાણિયાઓ બોલ્યાઃ "એક કરતાં બે ભલા; માટે, રવાભાઈ બાપુ, ભલેને ઈયે સાથે આવે."

રવાભાઈએ વધુ આગ્રહ ન કર્યો અને સૌ રસાલાએ આગળ ચાલવા માંડ્યું.

❁

રવાભાઈ કાઠિયાવાડમાં આવેલા પચ્છેગામના દેવાણી ભાયાત વડોદ(દેવાણી)ના ભાગીદાર હતા. સૌ ભાવનગરથી આવતાં કાળિયા આંબા આગળ સાથે થયા હતા.

રોંઢો ઢળ્યો અને સાંજ નમવા માંડી હતી ત્યારે ચોગઠ અને ડભાળિયા ગામ વચ્ચે કાળીસર નદી ઊતરીને સૌ સામે કાંઠે ચડ્યા. તે જ સમયે રવાભાઈની ચકોર અને વહેમીલી આંખોએ બીજા બે શસ્ત્રધારી પુરુષોને રસ્તા વચ્ચે બેઠેલા જોયા. પ્રથમથી જ આ રજપૂત ચારેય તરફ નજર ફેરવતો હોશિયારીથી ચાલતો હતો, એમાં પોતે માર્ગમાં બેઠેલા શસ્ત્રધારી પુરુષોને જોઈ આડીઅવળી નજર ફેરવી. ત્યાં તો દૂરથી આડે માર્ગે બીજા બે શસ્ત્રધારી પુરુષોને પણ પોતાની તરફ આવતા જોયા. એક તો પ્રથમથી જ સાથે ચાલતા બે હથિયારબંધ માણસો વિષે એને વહેમ હતો, અને તેમાં આ બધો મેળ જોઈને એને ખાતરી થઈ કે આ સાથે ચાલનાર શસ્ત્રધારીઓ જુંબેદાર નથી પણ આ વાણિયાઓ ઉપર હેરુ છે. ધીંગાણું કરવાનો વખત આવી પહોંચ્યો છે એમ ધારીને પોતાની ભેટ કસી, તરવારની કોંટી છોડી, હોશિયાર થઈ, શું થાય છે તે જોતા રવાભાઈ ચુપચાપ આગળ ચાલ્યા.

આડે માર્ગથી આવતા બે હથિયારધારીઓ આગળ બેઠેલા બે આદમી

સાથે ભળી ગયા અને ચારેય જણાએ, જેવાં ગાડાં ઢૂકડાં આવ્યાં તેવા જ રસ્તા વચ્ચે ઊભા રહી પડકારો કરીને ગાડાં ઊભાં રખાવ્યાં અને કહ્યું: "અમને આમાં અફીણ હોવાનો શક છે; માટે આ ગાડાંઓની ઝડતી લેવા દ્યો."

ગાડાં અટક્યાં એટલે રવાભાઈ તો ચેતી ગયા. પોતે ઘોડી ઉપરથી ઊતરી, પોતાના બન્ને ગાડાંવાળાને સાથે લઈને આગળ આવ્યા અને ઝડતીને બહાને ગાડાં અટકાવ્યાનું જાણી આગળ ઊભેલા શસ્ત્રધારીઓને નરમાશથી કહ્યું: "ભાઈઓ! આગળના ગામે દરબારી પટેલની રૂબરૂ તમે ખુશીથી તપાસ કરજો; પરંતુ આમ વગડામાં અંતરિયાળ ઝડતી ન હોય. માટે કોરે ખસો અને ગાડાં હાલવા દ્યો."

આટલું કહેતાં કહેતાં જુંબેદાર તરીકે સાથે ચાલતા બે માણસો માયલો એક બોલ્યો: "દરબાર! તમારા કાટનાં ગાડાંની ઝડતી નથી લેવી; માટે તમે તમારાં ગાડાં હાંકીને હાલતા થાઓ. અને આ બીજાં ગાડાંઓની ઝડતી તો લેવી જ પડશે."

રવાભાઈ આ પ્રપંચ પામી ગયા. સાથે ચાલતા બન્ને આદમી જુંબેદાર નહિ પરંતુ આ લૂંટારુ ટોળીમાંના જ માણસો છે એમ ખાતરી થઈ ચૂકી. પોતે બોલ્યા: "ભાઈઓ, આ બધાંય ગાડાં મારાં છે. કાટનાં ગાડાં કાંઈ નોખાં નથી. તમારી મતલબ હું જાણી ચૂક્યો છું. પણ ભાવનગરની જમણી ભુજા ભા દેવાજીનું નામ તમે જાણો છો ને? તેનો હું વારસદાર છું. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી તમારી ઇચ્છા પૂરી નહિ જ પડે. મારા કુળની ખાનદાની અને શૂરવીરતાની શાખ ઉપર આ સૌએ મારો સાથ કર્યો છે. એટલે મારે તો આંહીં ખપી ગયે જ છૂટકો છે. માટે હજી હું હાથ જોડીને કહું છું કે ભાઈઓ, જાળવો, અને અમને જવા દ્યો. આજે રામનવમી છે; મારા મોંમાં નકોરડો અપવાસ છે, નાહક મારા જીવને ક્લેશ થશે. માટે કોરે ખસી જાવ!"

લૂંટારાઓએ એકબીજાની સામું જોયું, પોતાની સિંધી ભાષામાં એવું કંઈક બોલ્યા કે 'આટલા બધામાં ફક્ત આ એક જ છે.' એટલામાં એક જણે દરબાર ઉપર ખેરના ધોકાનો છુટ્ટો ઘા કર્યો; પણ સમયસૂચકતા

વાપરી, એ ઘા ચૂકવી રવાભાઈ પોતાના સાથીઓ તરફ જોઈને બોલ્યા: "ભાઈઓ! હું એકલો છું; વળી ઉપવાસી છું; દુશ્મનો વધારે છે. તમે ફક્ત મારી પીઠ સંભાળજો. બાકી તો સ્વામીનારાયણ સહાય કરશે." એટલું બોલીને રવાભાઈએ તરવાર ખેંચી.

વાણિયા તો સૌ બીકથી દૂર ખસી ગયા, સાથેના રજપૂતોમાંથીય રજપૂતાઈની રજ ઊડી ગઈ. પણ જગો કોળી હાથમાં મોટું આડું લઈને દુશ્મનના ઘા ઝીલવા રવાભાઈની પીઠ પાછળ આવી ઊભો. આ બધું એક પળમાં બની ગયું.

ધોકાનો ઘા ખાલી જવાથી લૂંટારાઓ વધારે ખિજાયા; અને રવાભાઈ હજી તૈયારીમાં હતા ત્યાં તો દુશ્મનોમાંથી એકે જોરથી રવાભાઈ ઉપર તરવારનો ઘા કર્યો. રવાભાઈ જરા પાછળ હઠી ઘા ચૂકવવા ગયા ત્યાં તો હાથના જમણા કાંડા ઉપર બીજો સખત ઘા પડ્યો.

એક તો પોતાને નકોરડો ઉપવાસ હતો, તેમાં પાછા હઠતાં ઠેસ આવી અને ઉપરથી ઘા પડ્યો; એટલે રજપૂતનું શરીર લથડ્યું અને લથડતા શરીર ઉપર દુશ્મને તરત જ લાગ જોઈ બીજો ઘા કર્યો. પરંતુ ઘણી જ ચપળતાથી એ ઘા ચુકાવી, પડતાં પડતાં, રવાભાઈએ જોરથી તરવારનો લેખણવઢ ઘા કરીને એકને જમીનદોસ્ત કર્યો અને પોતે પાછા ઊભા થઈ ગયા. એટલામાં બીજા દુશ્મને માથા ઉપર તરવારનો ઘા કર્યો, તે પોતાના માથામાં વાગ્યો; પરંતુ તરવારના એક જ ઘાથી એ દુશ્મનને તો પોતે ઠાર કર્યો. આમ એક ઠાર થયો અને એક સખત જોખમાયો; એટલે બાકીના દુશ્મનો નાહિંમત થઈ ગયા અને બન્ને લાશો ઉપાડી જીવ લઈ નાઠા.[1]

રવાભાઈની પીઠના કેટલાક ઘા તો જગા કોળીએ 'આડા' ઉપર ઝીલી લીધા હતા. તોય વાંસામાં તથા હાથે એમ બે-ત્રણ ઘા અને માથામાં એક સખત ઘા લાગેલા જ; છતાં રણે ચડેલો રજપૂત હાથમાં ખુલ્લી તરવારે દુશ્મનોની પાછળ દોડ્યો. ત્યાં તો વાણિયાઓ વગેરેએ દોડીને દરબારને

1. ચોર-લૂંટારાઓને, પોતે કોણ હતા તે ઓળખાઈ ન જાય એટલા માટે પોતાના મરનાર સાથીઓનાં મુડદાં ઉપાડીને જ ભાગવું પડે, માટે જ તેઓ પોતાનાં વધુ માણસો મરવા ન દેતાં ભાગી નીકળે છે.

પકડી લીધા. કેટલીય વારે માંડમાંડ શૂરવીરતાનો ઊભરો શાંત થયો, ત્યારે જ માથાના ઘા વાગ્યાની ખબર રવાભાઈને પડી.

રવાભાઈ સ્વામીનારાયણના પાકા ભક્ત હતા. પોતે જાણ્યું કે હું હમણાં જ બેભાન થઈ જઈશ, એટલે તરત જ સૌને કહી દીધેલું કે 'મારા પ્રાણ જાય તો ભલે, પણ મને મારા ભાઈઓ દવા તરીકે દારૂ પાય તો પાવા દેશો નહિ.'

બધા ઘા ઠર્યા એટલે રવાભાઈ બેશુદ્ધ થવા લાગ્યા. એક ગાડું ખાલી કરાવી રવાભાઈને ગાડામાં લઈ સૌ ધીમે ધીમે ઘર તરફ રવાના થયા.

મોડી રાત્રે સૌ વડોદ આવી પહોંચ્યાઃ રવાભાઈની માતાને દીકરો ઘવાયાની ખબર પડી. માતાએ મોઢામાંથી દુઃખનો એક ચૂંકારો ન કાઢ્યો, પણ એણે તો એટલું જ કહ્યુંઃ

''મારા દીકરાનું ગમે તે થાય, પણ મારી વસ્તીના જાનમાલનું રક્ષણ થયું એટલે મારો રવોભા જીવતો છે એમ જ હું સમજું છું. અને મારી તો આજ રામનોમ સુધરી.''

આ શૂરવીરતાના સમાચાર તરત જ ભાવનગર મહારાજ જસવંતસિંહજીને મળી ગયા. તેમણે ખાસ વડોદ કહેવરાવ્યું કે 'રવાભાઈ સાજા થાય ને માથે પાણી નાખો ત્યારે અમને ખબર આપજો.' બે માસ પડદે રહ્યા પછી રવાભાઈને માથે પાણી નાખવામાં આવ્યું, ત્યારે મહારાજાએ સોનાની મૂઠની તરવાર તથા સોનેરી શેલું ભેટ મોકલ્યાં, ભારે શાબાશી આપી, શૂરવીરતાની કદર કરી.

આ પછી કેટલેક વર્ષે ભાલ-પ્રદેશના એક ગામમાં ચોરે દાયરો મળ્યો હતો. નવાબખાં જમાદાર નામનો એક વૃદ્ધ સિંધી ત્યાં મહેમાન તરીકે આવેલો. જમાદાર દાયરાઓમાં બેસવાવાળા એટલે અફીણના બંધાણી હતા. ચોરે કસુંબો નીકળ્યો. જમાદારે કસુંબો લેતાં પહેલાં આંગળાંથી છાંટા નાખી 'રંગ છે રવાભાઈ રજપૂતને' એમ રંગ આપી કસુંબો લીધો. સૌ દાયરાને કૌતુક થયું; સૌએ પૂછ્યુંઃ ''રવાભાઈ કોણ?''

જમાદારે ઉપરના ધીંગાણાની વાત કરીઃ

''ભાવનગર રાજના'ભાલ-પંથકનો હું જમાદાર હતો. રાજ્યનું ભરણું

ભરવા ભાવનગર ગયો હતો. ત્યાં કેટલાક વાણિયાઓ પાંચ-સાત હજારના જોખમ સાથે નીકળવાની બાતમી મળવાથી મારી બુદ્ધિ બગડી. અમે છ જણાની ટોળીએ તેમનું હેરુ લીધું. બે જણા વાણિયા સાથે જુંબેદાર તરીકે ચાલ્યા અને બીજા આગળ ચાલ્યા. કાળીસર નદી પાસે અમે ભેટો કર્યો અને પછી ધીંગાણું જામ્યું. એ ધીંગાણામાં મેં નજરે જોયું કે ખરો રજપૂત તો એક રવોભાઈ! ત્યારથી હું રવાભાઈ રજપૂતને રંગ આપ્યા પછી જ કસુંબો પીઉં છું અને અલ્લાહ પાસે મારા ગુનાહની તોબા પોકારું છું."

આ વાત બન્યાને આજે [1923માં] 63 વર્ષ થયાં છે.

# જટો હલકારો

**બા**યલા ધણીની ઘરનારી સમી શોકભરી સાંજ નમતી હતી. આવતા જન્મની આશા જેવો કોઈ કોઈ તારલો તબકતો હતો. અંધારિયાના દિવસો હતા.

એવી નમતી સાંજને ટાણે, આંબલા ગામના ચોરા ઉપર ઠાકરની આરતીની વાટ જોવાય છે. નાનાં નાનાં, અરધાં નાગાંપૂગાં છોકરાંની ઠઠ્ઠ જામી પડી છે. કોઈના હાથમાં ચાંદા જેવી ચમકતી કાંસાની ઝાલરો ઝૂલે છે; ને કોઈ મોટા નગારા ઉપર દાંડીનો ઘા કરવાની વાટ જુએ છે. સાકરની અક્કેક ગાંગડી, ટોપરાની બબ્બે કરચો અને તુળસીના પાનની સુગંધવાળા મીઠા ચરણામૃતની અક્કેક અંજળિ વહેંચાશે એની આશાએ આ ભૂલકાં નાચી રહ્યાં છે. બાવાજીએ હજી ઠાકરદ્વારનું બારણું ઉઘાડ્યું નથી. કૂવાને કાંઠે બાવોજી સ્નાન કરે છે.

મોટેરાંઓ પણ ધાવણાં છોકરાંને તેડી આરતીની વાટે ચોરાની કોર ઉપર બેઠાં છે. કોઈ બોલતું નથી. અંતર આપોઆપ ઊંડાં જાય એવી સાંજ નમે છે.

"આજે તો સંધ્યા જરાય ખીલી નથી." એક જણે જાણે સંધ્યા ન ખીલવી એ મોટું દુઃખ હોય તેવે સાદે હળવેથી સંભળાવ્યું.

"દશ્યું જ જાણે પડી ગઈ છે." બીજાએ અફસોસમાં ઉમેરો કર્યો.

"કળજુગ! કળજુગ! રત્યું હવે કળજુગમાં કોળતી નથી, ભાઈ! ક્યાંથી કોળે!" ત્રીજો બોલ્યો.

"ને ઠાકોરજીની મૂર્તિનું મુખારવંદ પણ હમણાં કેવી ઝાંખપ બતાવે છે! દસ વરસ ઉપર તો શું તેજ કરતું!" ચોથે કહ્યું.

ચોરામાં ધીરે સાદે ને અધમીંચી આંખે બુઢ્ઢાઓ આવી વાતે વળગ્યા

છે, તેટાણે આંબલા ગામની બજાર સોંસરવાં બે માનવી ચાલ્યાં આવે છે: આગળ આદમી ને પાછળ સ્ત્રી છે. આદમીની ભેટમાં તરવાર અને હાથમાં લાકડી છે, સ્ત્રીના માથા ઉપર મોટું એક પોટકું છે. પુરુષ તો એકદમ ઓળખાય તેવો નહોતો; પણ રજપૂતાણી એના પગની ગતિ ઉપરથી ને ઘેરદાર લેંઘાને લપેટેલ ઓઢણા ઉપરથી અછતી ન રહી.

રજપૂતે જ્યારે ડાયરાને રામરામ ન કર્યા ત્યારે ગામલોકોને લાગ્યું કે કોઈ અજાણ્યા પંથકનો વટેમાર્ગુ હશે. ડાયરે એને ટપાર્યો કે "બા, રામરામ!"

"રામ!" તોછડો જવાબ દઈને મુસાફર ઝટપટ આગળ ચાલ્યો. પાછળ પોતાની પેનીઓ ઢાંકતી ગરાસણી ચાલી જાય છે.

એકબીજાનાં મોં સામે જોઈને દાયરાનાં માણસોએ સાદ કર્યો: "અરે ઠાકોર, આમ કેટલેક જાવું છે?"

"આઘેરાક." જવાબ મળ્યો.

"તો તો, ભાઈ, આંહીં જ રાત રોકાઈ જાવ ને!"

"કાં? કેમ તાણ કરવી પડે છે, બા?" મુસાફરે કતરાઈને વાંકી જીભ ચલાવી.

"બીજું તો કાંઈ નહિ, પણ અસૂર ઘણું થઈ ગયું છે, ને વળી ભેળાં બાઈ માણસ છે. તો અંધારાનું ઠાલું જોખમ શીદને ખેડવું? વળી, આંહીં ભાણે ખપતી વાત છે: સહુ ભાઈયું છીએ. માટે રોકાઈ જાવ, ભા!"

મુસાફરે જવાબ દીધો: "બાવડાનું બળ માપીને જ મુસાફરી કરું છું, ઠાકોરો! મરદોને વળી અસૂર કેવાં! હજી તો કોઈ વડિયો દેખ્યો નથી."

તાણ કરનારા ગામલોકોનાં મોં ઝંખવાણાં પડી ગયાં. કોઈએ કહ્યું કે "ઠીક! મરવા દ્યો એને!"

રજપૂત ને રજપૂતાણી ચાલી નીકળ્યાં.

✿

વગડા વચ્ચે ચાલ્યાં જાય છે. દિવસ આથમી ગયો છે. આઘે આઘેથી ઠાકરની આરતીનાં રણકાર સંભળાય છે. ભૂતાવળો નાચવા નીકળી હોય

એમ દૂરનાં ગામડાંના ઝુંડમાં દીવા તબકવા લાગ્યા. અંધારે જાણે કાંઈક દેખતાં હોય અને વાચા વાપરીને એ દીઠેલાંની વાત સમજાવવા મથતાં હોય તેમ પાદરનાં કૂતરાં ભસી રહ્યાં છે.

મુસાફરોએ ઓચિંતાં પછવાડે ઘૂઘરાના અવાજ સાંભળ્યા. બાઈ પાછળ નજર કરે ત્યાં સણોસરાનો હલકારો ખભે ટપાલની થેલી મૂકી, હાથમાં ઘુઘરિયાળું ભાલું લઈને અડબૂથ જેવો ચાલ્યો આવે છે. કેડમાં નવી સજાવેલી, ફાટેલા મ્યાનવાળી તરવાર ટીંગાય છે. દુનિયાના શુભ-અશુભનો પોટલો માથે ઉપાડીને જટો હલકારો ચાલી નીકળ્યો છે. કેટલાય પરદેશ ગયેલા દીકરાની ડોશીઓ અને કેટલાય દરિયો ખેડતા ધણીઓની ધણિયાણીઓ મહિને-છ મહિને કાગળના કટકાની વાટ જોતી જાગતી હશે એવી સમજણથી નહિ, પણ મોડું થશે તો પગાર કપાશે એવી બીકથી જટો હલકારો દોડતો જાય છે. ભાલાના ઘૂઘરા એની અંધારી એકાંતના ભેરુબંધ બન્યા છે.

જોતજોતામાં જટો પછવાડે ચાલતી રજપૂતાણીની લગોલગ થઈ ગયો. બેય જણાંને પૂછપરછ થઈ. બાઈનું પિયર સણોસરામાં હતું, એટલે જટાને સણોસરાથી આવતો જોઈને માવતરના સમાચાર પૂછવા લાગી. પિયરને ગામથી આવનારો અજાણ્યો પુરુષ પણ સ્ત્રીજાતને મન સગા ભાઈ જેવો લાગે છે. વાત કરતાં કરતાં બેય જણાં સાથે ચાલવા લાગ્યાં.

રજપૂત થોડાં કદમ આગળ ચાલતો હતો. રજપૂતાણીને જરા છેટી પડેલી જોઈને એણે પછવાડે જોયું. પરપુરુષ સાથે વાતો કરતી સ્ત્રીને બે-ચાર આકરા વેણ કહી ધમકાવીનાખી.

બાઈએ કહ્યું: "મારા પિયરનો હલકારો છે, મારો ભાઈ છે."

"હવે ભાળ્યો તારો ભાઈ! છાનીમાની ચાલી આવ! અને મા'રાજ, તમે પણ જરા માણસ ઓળખતા જાવ!" એમ કહીને રજપૂતે જટાને તડકાવ્યો.

"ભલે બાપા!" એમ કહીને જટાએ પોતાનો વેગ ધીરો પાડ્યો. એક ખેતરવાનું છેટું રાખીને જટો ચાલવા લાગ્યો.

જ્યાં રજપૂત જોડલું આઘેરાક નહેરામાં ઊતરે છે, ત્યાં તો એકસામટા




બાર જણાએ પડકારો કર્યો કે "ખબરદાર, તરવાર નાખી દેજે!"

રજપૂતના મોંમાંથી બે-ચાર ગાળો નીકળી ગઈ. પણ મ્યાનમાંથી તરવાર નીકળી ન શકી. વાટ જોઈને બેઠેલા આંબલા ગામના બાર કોળીઓએ આવીને એને રાંઢવાથી બાંધ્યો, બાંધીને દૂર ગબડાવી દીધો.

"એ બાઈ, ઘરેણાં ઉતારવા માંડ." લૂંટારાએ બાઈને કહ્યું.

અનાથ રજપૂતાણીએ અંગ ઉપરથી એક એક દાગીનો કાઢવાનું શરૂ કર્યું. એના હાથ, પગ, છાતી વગેરે અંગો ઉઘાડાં પડવા લાગ્યાં. એની ઘાટીલી, નમણી કાયાએ કોળીઓની આંખોમાં કામના ભડકા જગાવ્યા. જુવાન કોળીઓએ પહેલાં તો જીભની મશ્કરી શરૂ કરી. બાઈ શાંત રહી. પણ જ્યારે કોળીઓ એના અંગને ચાળો કરવા નજીક આવવા લાગ્યા, ત્યારે ઝેરીલી નાગણ જેમ ફૂંફાડો મારીને રજપૂતાણી ખડી થઈ ગઈ.

"અલ્યા, પછાડો ઈ સતીની પૂંછડીને!" કોળીઓએ અવાજ કર્યો.

અંધારામાં બાઈએ આકાશ સામે જોયું. ત્યાં જટાના ઘૂઘરા ઘમક્યા.

"એ જટાભાઈ!" બાઈએ ચીસ પાડી: "દોડજે!"

"ખબરદાર એલા! કોણ છે ત્યાં?" એવો પડકાર કરતો જટો તરવાર ખેંચીને જઈ પહોંચ્યો. બાર કોળી લાકડી લઇને જટા ઉપર તૂટી પડ્યા. જટે તરવાર ચલાવી, સાત કોળીના પ્રાણ લીધા. પોતાને માથે લાકડીઓનો મે વરસે છે, પણ જટાને એ ઘડીએ ઘા કળાયા નહિ. બાઈએ બુમરાણ કરી મૂક્યું. બીકથી બાકીના કોળી ભાગી છૂટ્યા, તે પછી જટો તમ્મર ખાઈને પડ્યો.

બાઈએ જઈને પોતાના ધણીને છોડ્યો. ઊઠીને તરત રજપૂત કહે છે કે "હાલો ત્યારે."

"હાલશે ક્યાં? બાયલા! શરમ નથી થાતી? પાંચ ડગલાં હારે હાલનારો ઓલ્યો બ્રાહ્મણ ઘડીકની ઓળખાણે મારા શિયળ સાટે મરેલો પડ્યો છે; અને તું – મારા ભવ બધાનો ભેરુ – તને જીવતર મીઠું થઈ પડ્યું! જા ઠાકોર, તારે માર્ગે. હવે આપણા – કાગ ને હંસના – સંગાથ ક્યાંથી હોય? હવે તો આ ઉગારનાર બ્રાહ્મણની ચિતામાં જ હું સોડ્ય તાણીશ."

"તારા જેવી કૈંક મળી રહેશે." કહીને ધણી ચાલી નીકળ્યો.

જટાના શબને ખોળામાં ધરીને રજપૂતાણી પરોઢિયા સુધી અંધારામાં ભયંકર વગડે બેઠી રહી. પ્રભાતે આજુબાજુથી લાકડાં વીણી લાવીને ચિતા ખડકી, શબને ખોળામાં લઈને પોતે ચડી બેઠી; દા પ્રગટાવ્યો. બન્ને જણાં બળીને ખાખ થયાં. પછી કાયર ભાયડાની સતી સ્ત્રી જેવી શોકાતુર સાંજ જ્યારે નમવા માંડી ત્યારે ચિતાના અંગારા ધીરી ધીરી જ્યોતે ઝબૂકતા હતા.

આંબલા અને રામધરી વચ્ચેના એક નહેરામાં આજ પણ જટાનો પાળિયો ને સતીનો પંજો હયાત છે.